ભાડજ પાસે ટ્રક-કાર ટકરાતા આગ : ૩ યુવકો ભડથું

મૃતક યુવકોમાં મહેસૂલમંત્રી કૌશિક પટેલના વેવાઈના પુત્ર, કોંગી ધારાસભ્ય ભગવાનભાઈ બારડના ભત્રીજા અને અન્ય યુવક સામેલ : અન્ય બે ઈજાગ્રસ્ત

અમદાવાદ,તા. ૮

શહેરની ફરતે આવેલા રિંગરોડ પર ભાડજ સર્કલ પાસે વહેલી પરોઢે પૂરઝડપે એક ફોક્સવેગન કાર કપચી ભરેલી હેવી ટ્રકમાં ઘૂસી જતાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો અને અચાનક જ કારમાં એકાએક આગ ફાટી નીકળી હતી. જેમાં કારમાં બેઠેલા પાંચ યુવાનો પૈકી ત્રણ યુવાનો આગમાં ભડથુ થઈ ગયા હતા, જયારે અન્ય બે યુવકો ગંભીર રીતે દાઝી ગયા હતા, તેમને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા.

અકસ્માત બાદ કારમાં લાગેલી આગમાં ભડથુ થઈ ગયેલા ત્રણ યુવકોમાં રાજયના મહેસૂલપ્રધાન કૌશિક પટેલના વેવાઈના પુત્ર ધૈર્ય પટેલ, કોંગ્રેસના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના ભત્રીજા રાહુલ બારડ અને અન્ય યુવક રોમીલ પટવાનો સમાવેશ થાય છે. બીજીબાજુ, અકસ્માતને પગલે કારમાં લાગેલી આગ અને તેમાં યુવકો કેવી રીતે ભડથું થઈ ગયા તે વાતને લઈ અનેક સવાલો અને તર્કવિતર્કો સાથે આશ્ચર્ય સર્જાયું છે. ખુદ પોલીસ પણ ગંભીરતાપૂર્વક સમગ્ર મામલાની તપાસ કરી રહી છે અને આ માટે ખાસ એફએસએલની મદદ પણ લેવાઈ છે.

અકસ્માતમાં કારમાં લાગેલી આગમાં ત્રણ યુવકો ભડથુ થઈ ગયાના સમાચારને પગલે શહેર સહિત રાજયભરમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. આ અંગેની વિગત એવી છે કે, વૈષ્ણોદેવી સર્કલથી ભાડજ સર્કલ તરફના રિંગરોડ પર પૂરપાટઝડપે ફોક્સવેગન કાર આવી

રહી હતી ત્યારે વહેલી સવારે પાંચ વાગ્યે બેબીલોન કલબ પાસે કપચી ભરેલી એક ટ્રક સાથે કાર જોરદાર ધડાકા સાથે અથડાઈ હતી. કાર અથડાવાની સાથે જ અચાનક તેમાં એકાએક જોરદાર આગ ફાટી નીકળી હતી. બીજીબાજુ, કારનું સેન્ટ્રલ લોક પણ જામ થઈ ગયુ હતું. કારમાં લાગેલી આગમાં અંદર બેઠેલા પાંચેય યુવકો આગની જવાળાઓમાં લપટાઈ ગયા હતા.

જેમાં રાજયના મહેસૂલપ્રધાન કૌશિક પટેલના વેવાઈના પુત્ર ધૈર્ય પટેલ, કોંગ્રેસના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના ભત્રીજા રાહુલ બારડ અને અન્ય યુવક રોમીલ પટવા બળીને ભડથુ થઈ ગયા હતા, જયારે અન્ય યુવકો મોહનસિંહ અને પાર્થ ગંભીર રીતે દાઝી ગયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક લોકો ત્યાં દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં તો બહુ મોડુ થઈ ચૂકયુ હતું. ત્રણ યુવકો તો કારમાં લાગેલી આગમાં જ ભડથુ થઈ ગયા હતા. જો કે, દાઝી ગયેલા બે યુવકોને તાત્કાલિક ૧૦૮ બોલાવી તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. બીજીબાજુ, અકસ્માત બાદ કારમાં લાગેલી આગમાં ત્રણ યુવકો ભડથું થઈ ગયાના સમાચાર જાણી સૌકોઈમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. મૃતક યુવકો પૈકી બે યુવકો તો રાજકીય પક્ષ સાથે જોડાયેલા મોટા નેતાઓના પરિવાર સાથે જોડાયેલા હોવાથી રાજકીય વર્તુળમાં પણ ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. દરમ્યાન આ સમગ્ર બનાવ અંગે ટ્રાફિક એ ડિવીઝન પોલીસે જરૂરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ટ્રકનો ચાલક ફરાર થઈ ગયો હોઈ પોલીસે તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, આ સમગ્ર અકસ્માતમાં સૌથી ચર્ચા જગાવી હોય અને અનેક સવાલો ઉભા કર્યા હોય તો, કારમાં લાગેલી આગને લઈ સર્જાયા છે કારણ કે, કારમાં આગ લાગી કેવી રીતે અને આગ લાગી તો, યુવકો કારમાંથી બહાર કેમ નીકળી ના શકયા? દુર્ઘટના બાદ યુવકો એટલી ગંભીર ઈજા અને ભાન ગુમાવી ચૂકયા હતા કે આગમાં ભડથુ થઈ ગયા ત્યાં સુધી કારમાંથી બહાર નીકળી ના શકયા? સહિતના અનેક સવાલો અને વાતો રહસ્યમય બની રહી છે. ખુદ પોલીસ પણ ભારે આશ્ચર્ય સાથે મૂંઝવણમાં મૂકાઈ છે, તેથી આ સમગ્ર મામલામાં એફએસએલની મદદ લઈ પોલીસે તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો મહિલા સહકારી સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૮

આંતરરાષ્ટ્રિય મહિલા દિન નિમિત્તે ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ દ્વારા ટાઉનહોલ, ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો મહિલા સહકારી સેમિનાર યોજાયો હતો.

મહિલા સહકારી સેમિનારનું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ મહિલા દિનની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ઈશ્વરે સ્ત્રી-પુરૂષને જન્મ આપી પૃથ્વીના સંતાન તરીકે સરખા બનાવ્યા છે તેથી બંનેનું નિર્માણ સરખી દષ્ટિથી થવું જોઈએ પરંતુ સ્ત્રી-પુરૂષનો ભેદ ઉભો થયો છે ત્યારે સ્વાભાવિક રીતે જ મહિલાઓની વધુ કાળજી લેવાય, તેમને સન્માન મળે, તેમનો સર્વાંગીણ વિકાસ થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

સેમિનારના પ્રમુખસ્થાનેથી નેશનલ કો-ઓપ. યુનિયન ઓફ ઈન્ડિયા, ન્યુદિલ્હીના વાઈસ પ્રેસિડેન્ટ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે આઝાદીના ૭૦ વર્ષ પછી પણ મહિલા સશક્તીકરણ માટે સંમેલનો કરવા પડે તે દુઃખની વાત છે. દેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી મહિલાઓને જે હોદ્દાઓ મળવા જોઈએ તે મળતા નથી. તે કમનસીબી છે તે માટે સમાજે પરિવર્તન લાવવું પડશે.

નાફસ્કોબ, મુંબઈ અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ એન. સંઘાણીએ જણાવ્યુ હતુ કે મહિલાઓ પુરૂષોની વચ્ચે હરિફાઈ થઈ રહી છે તે હું જોઈ રહ્યો છુ પરંતુ મહિલાઓ પુરૂષોની હરીફ નથી પણ પુરક છે. બંને એકબીજાના પુરક બની રહેશે તો જ સમાજ સશક્ત બનશે.

ગુજરાત રાજ્યના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીને આ પ્રસંગે જણાવ્યું હતું કે સહકારી સંસ્થાઓ વધુ ને વધુ મહિલા સશક્તીકરણ કઈ રીતે થઈ શકે તે માટે કામ કરી રહી છે. ગુજરાતની અને મહારાષ્ટ્રની પ્રવૃત્તિ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. વિશ્વના અને દેશના સહકારી આગેવાનો જેનો અભ્યાસ કરવા આવે છે. સહકારી પ્રવૃત્તિને કારણે ગામડાઓ તુટતાં બચ્યાં છે.

નાફેડ, ન્યુદિલ્હીના વાઈસ ચેરમેન અને બિહાર સ્ટેટ કો.ઓપ. માર્કેટિંગ યુનિયન લિ. પટનાના ચેરમેન સુનિલકુમાર સિંગે મહિલા સશક્તીકરણ માટે પ્રાસંગિક પ્રવચન આપતાં જણાવ્યું હતું કે બિહાર એ અન્ય રાજ્યોમાં સહકારી સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલાઓ ભાગીદાર છે, જે ગુજરાતમાં લાવવા સરકારે આગળ આવવું જોઈએ. મહિલા સહકારી સેમિનાર પ્રસંગે પ્રસિદ્ધ 'સહકારે મહિલા સમૃદ્ધિ'નું રાજ્યના સહકાર મંત્રી ઈશ્વરસિંહ ટી. પટેલે વિમોચન કર્યુ હતું. આ સેમિનારમાં ગુજરાતની સહકારી પ્રવૃત્તિમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે આંતરરાષ્ટ્રિય મહિલા દિને ગુજરાતની સહકારી સંસ્થાઓમાં ૩૩ ટકા અનામત મહિલાઓને મળે તે માટે સર્વાનુમતે ઐતિહાસિક ઠરાવ કરવામાં આવ્યો હતો.

આભારવિધિ ગુજરાત રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટીવ ઓફિસર શીતલભાઈ પી. ભટ્ટે કરી હતી. સેમિનારમાં રાજ્યભરમાંથી ૯૦૦ જેટલાં મહિલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. સેમિનારને સફળ બનાવવા રાજ્ય સંઘના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

ફિનાર ફાઉન્ડેશનની સેનેટરી નેપકીન વેન્ડિંગ મશીન દ્વારા મહિલા દિવસની ઉજવણી

મહિલાઓના સ્વાસ્થ્ય અને આરોગ્યની જાળવણી માટે કાર્યરત ફિનાર ફાઉન્ડેશન દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત સાણંદ તાલુકાની ફાંગળી પ્રાથમિક શાળામાં 'સેનેટરી નેપકીન વેન્ડિંગ મશીન' મુકવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામની આશરે ૧૦૦ મહિલાઓ તેમજ ૫૦ વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી. ગામની મહિલાઓના હસ્તે વેન્ડિંગ મશીનનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત ફિનાર ફાઉન્ડેશન દ્વારા ગામની મહિલાઓને સેનેટરી નેપકીનના વપરાશ તેમજ તેમના ફાયદા અંગે પણ સમજણ આપવામાં આવી હતી.

અરવલ્લી-સાબરકાંઠાના ઉત્તર ગુજરાત વીજ કંપનીના ઈજનેરો દ્વારા આજરોજ પાવરહાઉસ કેમ્પસ હિંમતનગર ખાતે પોતાની વિવિધ વણ ઉકલી માંગણીઓ માટે પ્રતિક ઉપવાસ યોજ્યા હતા. જેમાં સાતમા પગાર ધોરણનો સત્વરે અમલ કરી તફાવત રોકડમાં ચૂકવવા, ઉચ્ચત્તર પગાર ધોરણ, પગાર ધોરણમાં રહેલી વિસંગતાઓ દૂર કરવા સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.

સરકાર ૧૩ હજારને બદલે ૬ હજાર જ પોલીસ કોન્સ્ટેબલની ભરતી કરવાના મૂડમાં છે

રાજ્ય પોલીસ તંત્રના મહેકમમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. પોલીસ જવાનોની ઘટ દૂર કરવાને બદલે ઘટ વધતી જાય છે. પરિણામે કાયદો અને વ્યવસ્થા તથા બંદોબસ્ત જેવી પરિસ્થિતિ માટે રોકાયેલા પોલીસતંત્રને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ ઘટને દૂર કરવા અને પોલીસ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવાની માંગણા પત્રકો વિભાગમાંથી મંગાવવામાં આવ્યા છે. અંદાજે ૧૩ હજાર જેટલી જગ્યાઓ ભરવા તમામ કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે. તેવા અનેક પરિપત્રો સોશ્યલ મિડિયામાં વહેતા થયા હતા ત્યારે સરકારે અચાનક ૧૩ હજારને બદલે હવે ૬ હજાર ભરવાનો મૂડ બતાવ્યો છે તેવી માહિતી અંગત સૂત્રો પાસેથી મળી છે. ગુજરાત રાજ્યમાં સરકારના નેતાઓ અને અધિકારીઓના લાભ અને ફાયદામાં કોઈ કાપ મુકવાની વાત માત્રથી બેબાકળા બની જાય છે. ત્યારે વિવિધ ભરતીઓ માટે બજેટમાં કરેલી જાહેરાત કરતા ઓછી જગ્યાઓની ભરતી કરવા એટલે કે ભરતીમાં કાપ કેમ મુકે છે ? તે સમજાતુ નથી.

રાજ્ય પોલીસતંત્રના અંગત સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર રાજ્ય પોલીસ તંત્રમાં પોલીસ કોન્સ્ટેબલની ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે માંગણા પત્રકો મંગાવ્યા હતા. ૧૩ હજાર કોન્સ્ટેબલની જગ્યાઓ માટે પોલીસ ભવનમાં પોલીસ અધિકારીઓ અને પોલીસ ભરતી સમિતિના અધિકારીઓ વચ્ચે બેઠકો યોજાઈ હતી. પરંતુ ચૂંટણી અને બીજા અન્ય કારણોસર આ ભરતીની કાર્યવાહી છેલ્લા એક વર્ષથી લટકી પડી છે. સરકાર ભરતી બહાર પાડે તેવી યુવાનો રાહ તાકી રહ્યા છે. પરંતુ સરકારે આ યુવાનોની આશાઓ પર રીતસરનું ઠંડુ પાણી રેડી દિધુ છે. સરકાર જે ૧૩ હજારની જગ્યાની પોલીસ કોન્સ્ટેબલની જાહેરાત કરવાની હતી તેમાં ઘટાડો કરી કાપ મુકી હવે ૬ હજાર જગ્યાઓની ભરતી કરવાનો મુડ બનાવ્યો છે તેમ જણાવ્યુ હતુ. સોશ્યલ મિડીયા પર વહેતા થયેલા ન્યુઝથી લાંબા સમયથી પોલીસ તંત્રમાં જોડાવવા ઈચ્છુક યુવાનો નિરાશ થઈ ગયા છે. સરકાર બજેટમાં રોજગાર અને ભરતી બાબતે મોટી વાતો કરે છે પણ ભરતીની જાહેરાત ન કરી આ બેરોજગાર યુવાનો સાથે શુ મજાક કરી રહ્યા છે કે શુ તે સમજાતુ નથી.

દેધરોટામાં પીવાના પાણીની તંગી સર્જાવાના એંધાણ

સાબરમતી નદીમાં હોડીની મદદથી રેતી ઉલેચાતી હોવાથી પાણીના તળ ઊંડે ગયા

હિંમતનગર તાલુકાના દેધરોટા ગામ પાસેથી પસાર થઈ રહેલ સાબરમતી નદીમાંથી કેટલાક બ્લોકના લીઝ ધારકો દ્વારા હોડીઓનો ગેરકાયદે ઉપયોગ કરી રાત દિવસ રેતી કાઢીને વેચવાની પ્રવૃત્તિ ધમધોકાર ચલાવાઈ રહી હોવાને કારણે નદીમાં પાણીના તળ ખુબજ ઉંડા ઉતરી ગયા છે. જેના કારણે દેધરોટા સહિત આસપાસના પંદરથી વધુ ગામોમાં આગામી ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા ઉભી થાય તેવી ભિતી સેવાઈ રહી છે. જેથી સત્વરે નદીમાંથી હોડીઓ મારફતે કાઢવામાં આવતી રેતીની કામગીરીને તંત્રએ અટકાવી દેવી જોઈએ.

આ અંગે દેધરોટા તથા આસપાસના પંદરથી વધુ ગામના લોકોએ રોષપૂર્વક જણાવ્યુ હતુ કે છેલ્લા ઘણા સમયથી સાબરમતી નદીમાં રેતીના બ્લોકનો ઈજારો ધરાવતા પૈકી કેટલાક ઈજારદારો ખાણખનીજ વિભાગ અને અન્ય સંલગ્ન વિભાગોની રહેમ નજર હેઠળ સતત રાત દિવસ નદીમાંથી હોડીઓ મારફતે રેતી કાઢી રહ્યા છે. જેના કારણે નદીમાં પાણીનું સ્તર ખુબજ ઉંડે જતુ રહ્યુ છે. જેના કારણે નદી કિનારાના આસપાસના વિસ્તારોમાં આવેલા બોરકુવામાં પાણીના સ્ત્રોત ઘટી ગયા છે.

ઉપરાંત આ વિસ્તારમાં આગામી ઉનાળામાં પાણીનું સ્તર નીચુ જતુ રહ્યુ હોવાને કારણે પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થવાના અણસાર દેખાઈ રહ્યા છે જેથી સત્વરે જિલ્લા કલેક્ટર તથા અન્ય સંલગ્ન વિભાગના અધિકારીઓએ પાણીની સમસ્યાના નિવારણ માટે પાણી પહેલા પાળ બાંધવાનો સત્વરે નિર્ણય લેવો જોઈએ.

જિલ્લામાં ગર્ભ પરીક્ષણ કરતી હોસ્પિટલ અને તેની દવાઓ વેચતા મેડીકલ સ્ટોર્સની તપાસ કરવા આદેશ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં દિકરીઓના જન્મદરમાં ચિંતાજનક રીતે ઘટાડો થઈ રહ્યો છે. ત્યારે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે આવેલ ગાયનેક હોસ્પિટલોના તબિબો પૈસાની લાલચે ગુપ્ત રીતે ગર્ભશિશુનું પરિક્ષણ કરતા તબિબો વિરૂદ્ધ કડક હાથે કામ લેવા માટે બુધવારે હિંમતનગર ખાતે યોજાયેલી પીએનડીટીની સમિતિની બેઠકમા સંલગ્ન વિભાગના અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપના જણાવાયા મુજબ મંગળવારે હિંમતનગર અને ખેડબ્રહ્મામાં ગેરકાયદે ગર્ભ પરીક્ષણ કરતા બે ગાયનેક તબિબની હોસ્પિટલમાંથી સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીએ તેનો અહેવાલ બુધવારે પીએનડીટી સમિતિની બેઠકમાં રજુ કરાયો હતો. ત્યારબાદ જિલ્લા કલેક્ટરે જિલ્લામાં દિકરીઓના જન્મદરમાં થઈ રહેલા ચિંતાજનક ઘટાડાને ધ્યાનમાં રાખી આવી રીતે ગર્ભ પરીક્ષણ કરતા અને ફોર્મ એફ વિના સોનોગ્રાફી કરતા તબિબોના મશીન સીલ કરવા માટે કડક સુચના આપી હતી.

ઉપરાંત તેમણે આવી ગાયનેક હોસ્પિટલોમાં આવેલ મેડીકલ સ્ટોરની પણ તપાસ કરવા જણાવ્યુ હતુ. ઉપરાંત જિલ્લામાં જે તબિબ વિરૂદ્ધ ફરીયાદ થયેલ હોય તેમના સોનોગ્રાફી મશીનનું રજીસ્ટ્રેશન કાયમી ધોરણે રદ કરવા તાકીદ કરી હતી. તથા જિલ્લાની કઈ હોસ્પિટલોમાં દિકરાઓના જન્મદર કેટલો વધુ છે તથા ગર્ભપાતની દવાઓનું વેચાણ કરનાર લોકો સામે પણ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે મંગળવારે હિંમતનગર તથા ખેડબ્રહ્માની એક ગાયનેક હોસ્પિટલમાં આરોગ્ય વિભાગે સોનોગ્રાફી મશીન સીલ કર્યા બાદ તેના પ્રત્યાઘાત પડ્યા છે તે જોતા આ વખતે દરોડાની કાર્યવાહી બાદ જિલ્લા કલેક્ટરે આપેલી સુચના બાદ સલંગ્ન વિભાગના અધિકારીઓ કેટલો અમલ કરે છે તે જોવાનું રહ્યું.

થરાદ પંથકમાં સુકા ઘાસચારાની તીવ્ર અછત : પશુ માલિકોની હાલત કફોડી

જિલ્લાના સરહદી થરાદ વાવ પંથકમાં ગત ચોમાસે આવેલા વિનાશક પુરમાં ખેડૂતોના ખેતરોમાં ઊભેલા ઊભા પાકની સાથે ઘાસચારાનો પણ સોંથ વળી ગયો હતો. ત્યાર બાદ વરસાદ ખેંચાતાં દુષ્કાળની પરીસ્થિતી સર્જાઈ હતી. આથી ઘાસચારાનું વાવતેર કરી શકાયું નહતું. જ્યારે તાલુકાઓની ગૌશાળાઓમાંથી પણ ઘાસચારો તણાઈને તથા પલળી જતાં નાસ પામ્યો હતો. આથી પંથકમાં ઘાસચારાની તીવ્ર અછત સર્જાવા પામી છે. તેમ ઢીમાની શ્રી રામઆશરા ગૌશાળાના મહંત શ્રી જાનકીદાસજી મહારાજે જણાવ્યું હતું. થરાદ તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ આંબાભાઈ સોલંકીએ જણાવ્યું હતુકે નર્મદા નિગમ દ્વારા આવી વિકટ પરીસ્થિત વચ્ચે આગામી દિવસોમાં પાણી બંધ કરવાનું આયોજન કરાતાં પશુઓના ખરાબ દિવસો આવે તેમ છે. આથી પશુમાલિકોમાં ચિંતાની લાગણી ફેલાવા પામી છે. થરાદ પંથકમાં ક્યાંય પણ સુકો ઘાસચારો નથી. ખોરડાની ગૌશાળાના પ્રમુખ ભગવાનભાઈએ જણાવ્યું હતુકે ગૌશાળાઓ દ્વારા રૂપીયા ખર્ચીને ઘાસચારો લાવીને પશુઓનો નિભાવ કરવામાં આવી રહ્યો છે.

બીજી બાજુ થરાદમાં સમી, શંખેશ્વર, માંડલ, દસાડા, રાધનપુર વિરમગામ અને બેચરાજી પંથકમાં પ્રતિદિન ૩૦ થી ૪૦ જીપડાલાં તથા મિની ટ્રક ભરીને વાહનચાલકો જુવારનો ઘાસચારો વેચવા માટે આવે છે. આ અંગે પશુમાલિકોએ જણાવ્યું હતુંકે અગાઉ વેચવા આવતા માલિકો બે વર્ષ પહેલાં ૧૨થી ૧૫ રૂપીયે પુળો આપતા હતા. હવે આખુ જીપડાલુ ભરીને ૧૪૦૦૦ રૂપીયામાં ઉચ્ચક આપે છે. જેમાં આશરે ૨૫૦ થી ૩૦૦ પુળા હોય છે. જ્યારે વેચવા આવતા માલિકોએ જણાવ્યું હતુ કે ખેડુતો અગાઉ સસ્તો પુળો આપતા હતા પરંતુ હવે તેઓ મોંઘો આપતા હોવાથી આથી અમો ડીઝલ ખર્ચ કાઢીને બે ત્રણ રૂપીયાનો નફો લઈને પશુમાલિકોને વેચાણ કરીએ છીએ.

રાજીનામા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજીનામા સોંપી દીધા હતા. આ પહેલા આંધ્રપ્રદેશમાં ભાજપના એમએલસી પીવીએન માધવે કહ્યુ હતુ કે ટીડીપી કેબિનેટમાંથી અમારા પ્રધાનો બહાર નિકળી ચુક્યા છે. તેમણે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર રાજ્યને તમામ મદદ કરી રહી છે પરંતુ બિનજરૂરી માંગ સ્વીકારવામાં આવનાર નથી. બીજી બાજુ કેન્દ્રમાં ટીડીપી ક્વોટાના પ્રધાન લાએસ ચોધરીએ કહ્યુ હતુ કે આ પગલુ યોગ્ય નથી પરંતુ કમનસીબે અમને પગલુ લેવાની ફરજ પડી રહી છે. બુધવારે રાત્રે નાયડુએ એનડીએ સાથે છેડો ફાડી લેવાની જાહેરાત કરી હતી. ત્યારબાદથી જ રાજકીય ગરમી વધી ગઈ છે. ચંદ્રાબાબુ નાયડુએ કહ્યુ હતુ કે આ અમારો અધિકાર છે. કેન્દ્ર સરકારે અમને આપવામાં આવેલા વચનો પાળ્યા નથી. અમે બજેટના દિવસથી આ મુદ્દાને ઉઠાવી રહ્યા છીએ. સરકાર તરફથી આ સંબંધમાં કોઈ જવાબ મળી રહ્યા ન હતા.

નાયડુએ કહ્યુ હતુ કે છેલ્લા ચાર વર્ષથી ધીરજ રાખી રહ્યા હતા. કેન્દ્ર સરકારને મનાવવા માટેના તમામ પ્રયાસ કર્યા હતા. ભારતીય જનતા પાર્ટીએ ચંદ્રાબાબુ નાયડુ સરકારમાંથી તેમના બે પ્રધાનોને પાછા ખેંચી લીધા હતા જેમાં ડોકટર કે શ્રીનિવાસ અને પીએમ રાવનો સમાવેશ થાય છે. મામલાને ઉકેલવા માટે રામ માધવને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જો કે, આમા સફળતા મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહ છે.

મોદી સમક્ષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે. નાયડુએ કહ્યું હતું કે, ૨૯ વખત દિલ્હી ગયા હોવા છતાં અમને વડાપ્રધાન તરફથી કોઈ નક્કર ખાતરી મળી ન હતી. નાયડુએ આ ગાળા દરમિયાન પોતાની સરકારનો હિસ્સો રહેલા ભાજપના પ્રધાનોની પણ પ્રશંસા કરી હતી. વિધાનસભામાં નાયડુએ પોતાના મંત્રીઓના રાજીનામાની માહિતી આપતા કહ્યું હતું કે, કેન્દ્રીય કેબિનેટમાં અમારા મંત્રીઓ અને અમારી કેબિનેટમાં ભાજપના પ્રધાનો રાજીનામા આપી રહ્યા છે. અલબત્ત ભાજપના મંત્રીઓએ રાજ્યમાં ખુબ સારી કામગીરી અદા કરી હતી. પોતપોતાના વિભાગમાં ભાજપના મંત્રીઓ અસરકારક રહ્યા હતા. નાયડુએ કહ્યું હતું કે, તેઓ ૨૯ વખત દિલ્હી જઈને આંધ્રપ્રદેશ માટે રજૂઆત કરી હતી પરંતુ તેમની તરફથી કોઈ પહેલ થઈ ન હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, નવા પાટનગરને વિકસિત કરવા માટે ફંડ, પાવરલુમ પ્રોજેક્ટ અને વિશાખાપટ્ટનમ માટે આપવામાં આવેલા વચનો પુરા થયા નથી. નાયડૂએ ભારપૂર્વક કહ્યું હતું કે, આંધ્રપ્રદેશ વિભાજન એક્ટ હેઠળ કરવામાં આવેલા તમામ ૧૯ વચનોને પૂર્ણ કરવામાં આવ્યા નથી. કેન્દ્ર સરકાર સાથે છેડો ફાડી લેવાના નિર્ણય અંગે કહ્યું હતું કે, તમામ પ્રયાસો છતાં કોઈ કામગીરી ન થતાં આખરે છેડો ફાડી લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર સાથે છેડો ફાડવાના નિર્ણયને યોગ્ય ઠેરવતા નાયડુએ કહ્યું હતું કે, અરુણ જેટલીએ બુધવારે જે કહ્યું તે યોગ્ય નથી. પૂર્વોત્તર રાજ્યોમાં મજબૂતી સાથે કામ થઈ રહ્યું છે પરંતુ આંધ્રપ્રદેશને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું નથી.

મુંબઈ લવાયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફારૂક ટકલા વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા બાદ દેશમાંથી ફરાર થઈ ગયો હતો. તેની સામે વર્ષ ૧૯૯૫માં રેડ કોર્નર નોટીસ જારી કરવામાં આવી હતી. ફારૂખને આજે સવારે એર ઈન્ડિયાની ફ્લાઈટ મારફતે મુંબઈ લાવવામાં આવ્યા બાદ પોલીસને વધુ મોટી સફળતા મળે તેવી શક્યતા છે. સિનિયર વકીલ ઉજ્જવલ નિકમે કહ્યુ છે કે આ એક મોટી સફળતા છે. ફારૂક ટકલા મુંબઈ બ્લાસ્ટ સાથે સીધી રીતે જોડાયેલો છે. તેની ધરપકડ દાઉદને મોટા ફટકા સમાન છે. બીજી બાજુ એનસીપીના નેતા અને વરિષ્ઠ વકીલ માજિક મેમને કહ્યુ છે કે ટકલાને ભારત લાવવાની બાબત દર્શાવે છે કે તે પણ ટ્રાયલ ઈચ્છે છે. તેની કસ્ટડીની માંગ કરવામાં આવી છે. તેને જામીનનો તો કોઈ પ્રશ્ન નથી. આગામી કોઈ પણ પગલા સુધી તે જેલમાં રહેશે. ફારૂખ ટકલાની સામે હત્યા, ખંડણી, ત્રાસવાદી ગતિવિધીઓમાં સામેલ હોવાનો આરોપ છે. સીબીઆઈને ટકલા પાસેથી કેટલીક ઉપયોગી માહિતી મળવાની શક્યતા દેખાઈ રહી છે. થોડાક દિવસ પહેલા જ દાઉદ ઈબ્રાહિમના વકીલે દાઉદને ટાંકીને કહ્યુ હતુ કે તે પણ શરણાગતિ સ્વીકાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યો છે. દાઉદના વકીલે કહ્યુ હતુ કે દાઉદ ભારત આવવા માંગે છે પરંતુ તે મુંબઈની આર્થર રોડ જેલમાં જ રહેવાની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યો છે. ઉજ્જવલ નિકમે કહ્યુ છે કે તે દાઉદની જુની સ્ટાઈલ છે. ભિખારીઓની પાસે કોઈ પસંદગી હોતી નથી. જો તે દાઉદના સંપર્કમાં હતો તો અમારી તપાસ સંસ્થાઓ તપાસ કરવી જોઈએ. સમગ્ર મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૪ વર્ષ પહેલા ૨૨મી માર્ચ ૧૯૯૩ના દિવસે મુંબઈમાં સિરિયલ બ્લાસ્ટ થયા હતા જેમાં ૨૫૭ લોકોના મોત થયા હતા અને ૭૧૩ લોકો ઘાયલ થયા હતા. સીબીઆઈના કહેવા મુજબ મુંબઈમાં બ્લાસ્ટ છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદ ધ્વંસ બાદ રમખાણોનો બદલો લેવા માટે કરવામાં આવ્યા હતા. આ બ્લાસ્ટ દુનિયામાં એવો પ્રથમ ત્રાસવાદી હુમલો હતો જેમાં આટલા મોટાપાયે આરડીએક્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૧૯૯૩માં બ્લાસ્ટ કર્યા બાદ ફારુક દુબઈ ભાગી ગયો હતો. ભારત સરકારે ઈન્ટરપોલની મદદ આના માટે માંગી હતી. ૨૨ વર્ષના ગાળા બાદ તેને પકડી પાડવામાં સફળતા મળી છે. આજે તેને પકડીને ભારત લાવવામાં આવ્યા બાદ સીબીઆઈ ઓફિસમાં પુછપરછ માટે લઈ જવામાં આવ્યો હતો. તેને ટાડા કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાયો હતો.

ચિમકીની અરજી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિવારના સભ્યો સાથે આત્મવિલોપન કરી લેવાની ચિમકી હોય છે. ૫૩ અરજીઓમાં ૨૧૫ વ્યક્તિઓ આત્મવિલોપન કરશે તેવી ચિમકી હતી. ગાંધીનગર પોલીસની ત્રણ ટુકડીઓ સવારથી આત્મવિલોપન કરવા આવનાર વ્યક્તિઓના ફોટા લઈને સત્યાગ્રહ છાવણી, સચિવાલય તથા વિધાનસભા સહિતના વિસ્તારોમાં ફર્યા કરે છે. તાજેતરમાં ટેટની પરીક્ષાના ૧૨૭ જેટલા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓને મેસેજ કરીને સમુહમાં આત્મવિલોપન કરશે તેવી ચિમકી આપી હતી. આત્મવિલોપનની ચિમકી આપીને ન્યાય મેળવવા માટેની અરજી કરાય તેવી નવી શરૂ થયેલી પદ્ધતિમાં બદલાવ આવે તે જરૂરી છે. તો બીજી તરફ સરકાર પણ યોગ્ય અને સાચા અરજદારોને સાંભળે અને ન્યાય આપે તે પણ તેટલુ જ જરૂરી છે..!

દિકરીઓનો જન્મ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે સવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે નન્હી પરીના જન્મના વધામણા આપવા વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી પહોંચ્યા હતા. અહિ પાટણથી રિફર થઈ અને પ્રસુતિ માટે આવેલી મહિલાએ દિકરીને જન્મ આપ્યો હતો. જેના વધામણા અધ્યક્ષે કીટ આપીને કર્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૪ જેટલી પ્રસુતિઓ નોંધાઈ હતી. જો કે તેમાં ગાંધીનગર જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાની પ્રસુતાઓ હતી. આ તમામ પ્રસુતાઓએ ૧૨ દિકરીને જન્મ આપ્યો હતો.

બેવડી ઋતુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે લઘુત્તમ તાપમાન અને મહત્તમ તાપમાન વચ્ચે બેમણો તફાવત રહેતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે સાંજ ઢળતા જ વાતવારણમાં પ્રમાણમાં ઠંડક પ્રવર્તે છે.જયારે વહેલી સવારે પણ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો બેવડી ઋતુથી પ્રભાવિત છે. એકબાજુ આકરી ગરમીએ દસ્તક દેતા દિવસે શહેરીજનો ગરમીથી અકળાઈ રહયા છે. ત્યારે રાત્રિના સમયે ગુલાબી ઠંડીના લીધે જનજીવન મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત છે.